## સંક્ષિપ્ત સમાચાર

### ઝાલોદના ફુલપુરા ગામે સંત શિરોમણી રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મજયંતિ ઉજવાઇ



**સુખસર :** ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે સંત શિરોમણી રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિભાવ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.કાર્યક્રમના ભાગરૂપે ફુલપુરા આશ્રમથી ગામના ગુંદ્રા સુધી ભવ્ય કળશ યાત્રા યોજવામાં આવી હતી. કળશ યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો, બાળકો, સંતો, ભક્તો તેમજ આગેવાનો જોડાયા હતા. યાત્રા દરમિયાન સંત રવિદાસજી મહારાજના વિચારો અને માનવતાના સંદેશ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. કળશ યાત્રા બાદ સંત શિરોમણી રવિદાસજી મહારાજના જીવન, તેમના વિચારો, સમાનતા, ભાઈચારા અને સમાજ સુધારણા અંગે વિશેષ પ્રવચન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ સંત રવિદાસજી મહારાજના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### સિંગવડ ગ્રામ પંચાયતમાં સંત ગુરુ રવિદાસજીની ૬૫૦મી જન્મ જયંતીએ કળશની પૂજા કરાઇ



**સિંગવડ :** સિંગવડ ગ્રામ પંચાયત ખાતે સંત શિરોમણી ગુરુ રવિદાસજી ની 650મી જન્મ જયંતી ના કળશની પૂજા કરવામાં આવી સિંગવડ ગ્રામ પંચાયત ખાતે સંત શિરોમણી ગુરુ રવિદાસજી ની 650 મી જન્મ જયંતી ના ભાગરૂપે દરેક પંચાયતોમાં આ કળશ લઈ જઈને પૂજા કરીને તેમના સમરસતા સંકલ્પ અભિયાન હાથ ધરવામાં આવ્યું જેના ભાગરૂપે આજે સિંગવડ ગ્રામ પંચાયત ખાતે ગ્રામ પંચાયત સરપંચ લખીબેન વહુનીયા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ મહેશભાઈ બારીયા પાર્ટીના સભ્યો પૂર્વ તાલુકા પંચાયત સભ્ય સુરેશભાઈ ચૌહાણ એસી મોરચાના પ્રમુખ દિલીપભાઈ સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા જ્યારે સિંગવડ ગ્રામ પંચાયત ખાતે સંત રવિદાસજી ની ફોટો તથા કળશને મુકવામાં આવ્યો હતો અને તેની પૂજા કરવામાં આવી હતી જ્યારે સુરેશભાઈ ચૌહાણ દ્વારા સંત રવિદાસજી ના કરેલા કાર્યો ને યાદ કર્યા હતા.

### કાલોલમાં પયગમ્બર મહમ્મદ સાહેબના જન્મદિવસની ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં



**કાલોલ :** ઈસ્લામના આખરી પયગમ્બર હઝરત મહમ્મદ સાહેબના જન્મદિવસ "ઈદે મિલાદુન નબી"ની ઉજવણી માટે કાલોલ સહિત તાલુકાના મુસ્લિમ વિસ્તારોમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.ઈસ્લામિક કેલેન્ડર મુજબ રબીઉલ અવ્વલ મહિનાની 12મી તારીખે પયગમ્બર સાહેબનો જન્મ થયો હતો. આ વર્ષે ઈદે મિલાદ 26 ઓગસ્ટ, બુધવારના રોજ ઉજવાશે. જ્યાં આ પાવન દિવસને લઈ કાલોલ નગર સાથે તાલુકાના બોરુ અને એરાલ ગામોમાં પણ ઉજવણી માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. કાલોલ નગરના તમામ ધાર્મિક સ્થાનો, મુખ્ય માર્ગો, શેરી-મહોલ્લાઓ અને મકાનોને રંગબેરંગી લાઈટો અને ઝંડાઓથી શણગારવામાં આવી રહ્યા છે. જાણે આખું નગર જ ઝગમગી ઉઠ્યું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ઉજવણીના ભાગરૂપે કાલોલ નગરના નુરાની ચોક ખાતે આવેલી જુમ્મા મસ્જિદના પ્રાંગણમાં ન્યાજનું આયોજન કરવામાં આવશે.

### કાલોલના ઝીલીયા પાસે ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપીને લાકડાની હેરાફેરી કરતું વાહન ઝડપાયું




**કાલોલ :** કાલોલ તાલુકાના ઝીલીયા ગામ ખાતેથી પરવાનગી વિના ઝાડ કાપીને લાકડાની ગેરકાયદેસર હેરાફેરી કરવાનો મામલો સામે આવ્યો છે. મામલતદાર કચેરીના અધિકારીઓ દ્વારા તપાસ દરમિયાન એક વાહનને રોકીને પાસ-પરમિટ માંગવામાં આવતા વાહન ચાલક પાસે કોઈ માન્ય પરમિટ મળી આવી ન હતી. આરોપી/ચાલકઃ બદના સલીમ મોહંમદ હનીફ (ઉંમરઃ ૨૦ વર્ષ, ધંધોઃ ડ્રાઈવિંગ, રહેવાસીઃ વેજલપુર, તા. કાલોલ, જી. પંચમહાલ) ઝડપાયેલ વાહન નંબરઃ GJ 07 U 5451 ઘટના સ્થળ ઝીલીયા (ગોધરા તરફ લઈ જતી વખતે પાસ-પરમિટ વગર ગેરકાયદેસર રીતે લાકડા ભરીને જઈ રહેલા આ વાહનને સીઝ કરીને મામલતદાર કચેરી, કાલોલ ખાતે મુકવામાં આવ્યું છે.

## સંજેલી લેન્સ મંડળીમાં વહેલી સવારથી જ ખાતર માટે ખેડૂતોની લાંબી લાઈનો...





# ખેતીની સીઝનમાં જ ખાતરની અછત...ધરતીપુત્ર લાચાર

(પ્રતિનિધિ) : સંજેલી, તા.20

સંજેલી સ્થિત પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર (લેન્સ મંડળી) ખાતે ખાતરનો જથ્થો આવતા જ ખેડૂતોની લાંબી કતારો જોવા મળી હતી. ખેતીની મોસમ શરૂ થતાં ખાતરની જરૂરિયાતને પહોંચી વળવા વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ખેડૂતો મંડળી પર ઉમટી પડ્યા હતા. મંડળીના જણાવ્યા અનુસાર, મોટા વાહન દ્વારા ખાતરનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો છે.

જથ્થો ઉપલબ્ધ થતાં જ ખેડૂતોને પારદર્શક રીતે ખાતર મળી રહે તે માટે આધાર કાર્ડ અને POS મશીન પર ફિંગરપ્રિન્ટ લઈને સરકારી ભાવે વિતરણ શરૂ કરાયું છે. મંડળીના સેક્રેટરી શંકરભાઈ તેરસિંગભાઈ બારીયાની દેખરેખ હેઠળ વિતરણ કામગીરી ચાલી રહી છે. હાલ પુરુષ અને મહિલા ખેડૂતો લાઈનમાં ઊભા રહી પોતાની વારીની રાહ જોઈ રહ્યા છે. જોકે, ખાતર ખૂટી જશે તેવી આશંકાથી કેટલાક ખેડૂતોમાં ધક્કામુક્કી પણ જોવા મળી હતી. મંડળી દ્વારા ખેડૂતોને શાંતિપૂર્ણ રીતે લાઈનમાં ઊભા રહેવા અને ધક્કામુક્કી ન કરવા વિનંતી કરવામાં આવી રહી છે. આ મંડળી મુખ્ય બજાર વિસ્તારમાં આવેલી હોવાથી, જો ખાતરનો જથ્થો સતત સપ્લાય થતો રહે તો ખેડૂતોને રાહત દરે ખાતર ઉપલબ્ધ થઈ શકે તેમ છે. ખેડૂતો દ્વારા ખાતરના સતત પુરવઠાની માંગ કરવામાં આવી છે.

#### કાલોલ નગરપાલિકાની લાલ આંખ

## બસ સ્ટેન્ડથી ભાથીજી મંદિર સુધી રસ્તા પર લારી ધારકોને આખરી નોટિસ આપી

(પ્રતિનિધી) કાલોલ, તા.20

કાલોલ નગરપાલિકા દ્વારા આજે શહેરમાં માઈક સાથે રિક્ષા ફેરવીને જાહેર નોટિસ આપવામાં આવી છે. નગરપાલિકા તંત્ર દ્વારા નવા બસ સ્ટેશન ગેટથી લઈને ભાથીજી મંદિર સુધીના મુખ્ય માર્ગ પર ટ્રાફિકને ભારે અવરોધરૂપ અને જાહેર જનતા માટે અડચણરૂપ બને તે રીતે રસ્તાની વચ્ચે શાકભાજી તથા ફળોની લારીઓ ઉભી રાખતા વેપારીઓને કડક ચેતવણી આપવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે જો હવે પછી કોઈ પણ લારી ધારક રોડ પર કે રસ્તાની વચ્ચે ઉભેલો જોવા મળશે, તો નગરપાલિકા પોલીસ કાફલાને સાથે રાખીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરશે. આ ઉપરાંત, નિયમભંગ કરનારની લારી સહિત તમામ માલ-સામાન પણ જપ્ત કરવામાં આવશે. જેથી કરીને આ વ્યસ્ત માર્ગ પર કોઈ પણ લારી ધારક પોતાના વાહન કે લારી ઉભા ન રાખે. ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારમાં અગાઉ પણ વારંવાર પોલીસ અને પાલિકા દ્વારા કામગીરી કરવામાં આવી છે, પરંતુ કાર્યવાહી પૂર્ણ થતાં જ બીજા જ દિવસે પરિસ્થિતિ ફરી 'જેસે થે' બની જતી હોય છે.

ત્યારે હવે નગરપાલિકાની આ આક્રમક કાર્યવાહીથી કાલોલની જનતાને ટ્રાફિક સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે કે પછી આ ઝુંબેશ પણ માત્ર થોડા દિવસો પૂરતી જ સીમિત રહેશે, તે તો આવનારો સમય જ બતાવશે.

## દાહોદમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા ફોગીંગ કરાયું

(પ્રતિનિધી) દાહોદ, તા.20

દાહોદ શહેરમાં ગત વર્ષની સરખામણીમાં આ વખતે ઓછો વરસાદ થવાને કારણે અને છેલ્લા કેટલાય દિવસોથી વાદળછાયુ વાતાવરણ રહેવા છતાં વરસાદ મન મૂકીને ન વરસતા માખી તેમજ મચ્છરનો ઉપદ્રવ વધી જતાં ખાંસી, શરદી, તાવ, વાયરલ ઈન્ફેક્શન, ઝાડા ઉલટી તેમજ અન્ય પાણીજન્ય રોગોએ માથું ઉંચકતા દાહોદ નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા માથું ઊંચકી રહેલા ઉપરોક્ત રોગોને કાબુમાં લેવા પાણી આવતા પહેલા પાળ બાંધવાની નીતિ રીતિ અખત્યાર કરી ગઈકાલે દાહોદ નગરપાલિકા દ્વારા શહેરના પ્રસારણ નગર, માતંગ નગર સહિતના નદી પરના અન્ય વિસ્તારોમાં માખી, મચ્છરનો ઉપદ્રવ ઘટાડવા ફોગિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

#### કાલોલ મામલતદારની અસરકારક કામગીરી

## કંડાચ નજીકથી ગેરકાયદેસર રેતી વહન કરતુ ટ્રેક્ટર ઝડપી લેવાયું

(પ્રતિનિધી) કાલોલ, તા.20

કાલોલ તાલુકાના બોરુ વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર રેતી ખનન સામે સ્થાનિક રહીશો દ્વારા તાજેતરમાં મામલતદારને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. આ આવેદનપત્રને પગલે કાલોલ મામલતદાર અને સરકલ ઓફિસરની ટીમે એક્શન મોડમાં આવીને ગેરકાયદેસર રેતી ચોરી તથા હેરફેર કરતા ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરી છે. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા આકસ્મિક ચેકિંગ દરમિયાન કંડાચ ખાતેથી ગેરકાયદેસર રીતે સાદી રેતી (ખનીજ)નું વહન કરતું વાહન ઝડપાઈ ગયું છે. કંડાચ ખાતે આજ રોજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી



હતી.જેમાં ટ્રેક્ટર/ટ્રક નંબર GJ-17-UK-0964 ને અટકાવીને તપાસ કરવામાં આવી હતી. ડ્રાઈવર અને માલિકઃ વાહનના ડ્રાઈવર/ચાલક જીગ્નેશકુમાર સુખતસિંહ સોલંકી (ઉં.વ. ૨૧, રહે. સગનપુરા) તથા માલિક મહિપતસિંહ વાડીલાલ રાઠોડ (રહે. સગનપુરા) હોવાનું સામે આવ્યું છે. વાહનમાં રોયલ્ટી પાસ, ડિલિવરી ચલણ કે જરૂરી આધાર-પુરાવા વગર જ સાદી રેતીનો જથ્થો ભરેલો હતો. ચોરીનો સ્ત્રોત ગોમા નદી (કંડાચ) વિસ્તારમાંથી આ ગેરકાયદેસર ખનીજ ભરીને સગનપુરા તરફ લઈ જવામાં આવી રહ્યું હોવાનું નિવેદનમાં સામે આવ્યું છે. મામલતદાર કચેરી દ્વારા બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર ખનીજ વહન કરવા બદલ ગુનો નોંધી વાહન તથા જથ્થો જપ્ત કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. કાલોલ મામલતદારની આ કડક કાર્યવાહીથી બેનંબરી રેતી કાઢીને હેરફેર કરતા ભૂમાફિયાઓ અને તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

#### ગ્રામજનોની રજૂઆતો સાંભળી યોગ્ય લાવવાની ખાતરી અપાઇ

## દિલ્હી-મુંબઈ કોરિડોર અસરગ્રસ્ત ૧૪ ગામોમાં સર્વે કામગીરી શરૂ કરાઈ

(પ્રતિનિધી) ઝાલોદ, તા.20

દાહોદ જિલ્લામાં દિલ્હી-મુંબઈ કોરિડોરના નિર્માણથી અસરગ્રસ્ત ગામોની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે વહીવટી તંત્ર દ્વારા સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિમાં પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, NHAI સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓનો સમાવેશ કરાયો છે. સમિતિ દ્વારા આગામી પાંચ દિવસ દરમિયાન કોરિડોરથી અસરગ્રસ્ત 14 ગામોની રૂબરૂ મુલાકાત લઈ સ્થળ પર સર્વે તથા ગ્રામસભાઓ યોજવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે ચાટકા અને છાયણ



ગામે ગ્રામસભા યોજાઈ હતી. જેમાં અસરગ્રસ્ત ગ્રામજનોએ અધિકારીઓ સમક્ષ વીજળી, પીવાના પાણી, અવરજવર માટેના રસ્તા સહિતની વિવિધ સમસ્યાઓ અને રજૂઆતો કરી હતી.

આ ઉપરાંત અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ કરી વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ગ્રામજનોની રજૂઆતો સાંભળી યોગ્ય ઉકેલ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. ગ્રામજનોની સમસ્યાઓના નિરાકરણ માટે સમિતિ દ્વારા આગામી દિવસોમાં અન્ય અસરગ્રસ્ત ગામોમાં પણ સર્વે અને ગ્રામસભા યોજવામાં આવશે.

## દાહોદને નવો ખાતર રેક પોઈન્ટ ફાળવવા સાંસદની રજૂઆત

દાહોદ : દાહોદ જિલ્લાના ખેડૂતોને ખેતીની સિઝનમાં સમયસર ખાતર ઉપલબ્ધ થાય તે માટે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરે IFFCOના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી તથા ગુજરાતના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી જીતુભાઈ વાઘાણી સમક્ષ દાહોદ રેલવે સ્ટેશન ખાતે નવો ખાતર રેક પોઈન્ટ મંજૂર કરવાની માંગ સાથે રજૂઆત કરી છે. સાંસદ જશવંતસિંહ ભાભોરે રજૂઆતમાં જણાવ્યું છે કે દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે અને જિલ્લાના મોટાભાગના ખેડૂતોની આજીવિકા ખેતી પર નિર્ભર છે. સારા અને સમયસર પાક ઉત્પાદન માટે ખેડૂતોને જરૂરી ખાતર, ખાસ કરીને યુરિયા ખાતર, યોગ્ય સમયે ઉપલબ્ધ થવું અત્યંત જરૂરી છે.

#### વિદ્યાર્થીઓને ગપ્પી ફિશનુ મહત્વ સમજાવાયું

## સંજેલીની શાળાઓમાં મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ અભિયાન

વિદ્યાર્થીઓને મચ્છરના જીવનચક્રની સમજ અપાઇ

(પ્રતિનિધી) સંજેલી, તા.20

સંજેલીની તાલુકા કુમાર પ્રાથમિક શાળા સહિતની શાળાઓમાં યોજાયેલી જાગૃતિ પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને મચ્છરના ઈંડા, લાર્વા સહિતના જીવનચક્ર વિશે વીડિયો દ્વારા માહિતી આપવામાં આવી હતી.

મચ્છરોના ઉત્પત્તિસ્થળો અંગે સમજ આપી ઘરની આસપાસ તેમજ શાળાના પરિસરમાં પાણી ભરાઈ ન રહે તે માટે જરૂરી તકેદારી રાખવા સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત મચ્છરજન્ય રોગોથી બચવા માટે પાણીના વાસણો



ઢાંકીને રાખવા, આસપાસ સ્વચ્છતા જાળવવા, લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવા ન દેવું તથા મચ્છરથી બચવાના ઉપાયો અપનાવવા અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને ગપ્પી ફિશ પણ બતાવવામાં આવી હતી અને મચ્છરના લાર્વા નિયંત્રણમાં તેની ભૂમિકા વિશે સમજ આપવામાં આવી હતી.

## દાહોદ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય કેન્દ્ર પર મીડિયા સેમિનાર યોજાયો



દાહોદ : દાહોદ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય કેન્દ્ર ખાતે પત્રકારો અને મીડિયાકર્મીઓ માટે આ વિશેષ સેમિનારનું ભવ્ય આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત બ્રહ્માકુમારીઝના મુખ્ય સંચાલિકા અને વરિષ્ઠ પત્રકારોના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. આ સેમિનારમાં જિલ્લાના પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

#### બાળકોને પાણીજન્ય રોગો વિશે માહિતગાર કરાયા

## વિશ્વ મચ્છર દિવસ નિમિત્તે વટલી પ્રાથમિક શાળામાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) ફતેપુરા, તા.20

દાહોદ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શડૉ. ઉદય ટીલાવતના સૂચન અનુસાર તથા જિલ્લા મલેરિયા અધિકારી ડૉ. અતીત ડામોર અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. સુરેશ વી. અમલિયારના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને મચ્છરજન્ય રોગોના કારણો, લક્ષણો, ફેલાવાની રીતો તથા રોગોથી બચવાના ઉપાયો અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું વિદ્યાર્થીઓને મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા અંગે માહિતી અને જાગૃતિ આપવામાં આવી. મચ્છરજન્ય



રોગોના લક્ષણો તથા રોગથી બચવાના ઉપાયો અંગે સમજ આપવામાં આવી.

શાળા પરિસરમાં પાણી ભરાવાના સ્થળોની તપાસ કરી પાણીનો નિકાલ કરવામાં આવ્યો. શાળા પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને કચરો એકત્રિત ન થવા દેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. પાણીની ટાંકી, કુંડા, ડ્રમ, કુલર તથા અન્ય પાણીના પાત્રોમાં પાણી ભરાઈ ન રહે તેની તકેદારી રાખવા સમજાવવામાં આવ્યું. મચ્છરના ઉત્પત્તિ સ્થળોની ઓળખ અને તેના નિકાલ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. વિધાર્થીઓ ને મચ્છર ના ઈંડા અને પોરા, લાર્વા ઉત્પત્તિ વિશે લાઈવ ડેમોગ્રાફી બતાવી મચ્છર વિશે માહિતી આપવામાં આવી વિદ્યાર્થીઓને પોતાના ઘરે તથા આસપાસના વિસ્તારમાં પાણી ભરાવા ન દેવા અને પરિવારજનોને પણ સ્વચ્છતા માટે પ્રેરિત કરવા સમજાવવામાં આવ્યું હતુ.

**CHANGE OF NAME**

I have change my old name from **BANDI BASIT IQBAL MUHAMMAD** to New Name **BANDI BASIT IQBAL Kindly note the same**

**Passport No.P9359679**

**Sd/- BANDI BASIT IQBAL**

Add. Diwan Faliyu, Vejalpur, Ta-Kalol, Dist. Panchmahals, Gujarat-389340

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ બાંડી બાસીત ઈકબાલ મુહંમદ હતું.જે બદલીને નવું નામ બાંડી બાસીત ઈકબાલ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

પાસપોર્ટ નં.પી૯૩૫૯૬૭૯

સરનામું: દીવાન ફળીયુ,વેજલપુર,તા.કાલોલ, જિ.પંચમહાલ, ગુજરાત, પીન-૩૮૯૩૪૦

**જાહેર નોટીસ**

અરજદાર તરફે વિ.વ.શ્રી,

શ્રી.એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

નં.જ.મ.પ્ર/એસ.આર નં. ૬૦૩ થી ૬૦૪/૨૦૨૬ તા. ૩૧/૦૭/૨૦૨૬

અરજદાર : સેલોત રોશનભાઇ કાંતીભાઇ રહે.ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ભુતખેડી મુ.ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સેલોત રોશનભાઇ કાંતીભાઇ રહે. ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે. તેઓએ પોતાના પુત્રી નામે સેલોત પૂજાબેન રોશનભાઇનો જન્મ તા.૨૯/૦૩/૨૦૧૧ ના રોજ મુ.ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઇ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો...

તારીખ: ૩૧/૦૭/૨૦૨૬
સ્થળ: સીંગવડ

એસ.સી.સંગાડા
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, સિંગવડ